SBI LIFE-eShield
A PURE TERM INSURANCE PLAN
UIN: 111N089V04

SBI Life INSURANCE
With Us, You're Sure

એસબીઆઈ લાઈફ – ઈશીલ્ડ એક ઈન્ડિવિજ્યુઅલ, નૉન–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ લાઈફ ઈન્શ્યૉરન્સ પ્યોર રિસ્ક પ્રીમિયમ પ્રોડક્ટ છે. આની રચના ટેક–સેવિ, શિક્ષિત, ઊચ્ચ આવક ધરાવતી વ્યક્તિઓ કે જેઓ પ્યોર પ્રોટેક્શન કવર મેળવવા ચાહે છે તેમની માટે કરવામાં આવી છે. આ પ્લાન બે બેનિફિટ માળખા સાથે મળે છે, એક છે લેવલ કવર, જેમાં પૉલિસીની મુદત દરમિયાન પ્રોટેક્શન અમાઉન્ટ જે છે તે જ રહે છે અને બીજું છે ઈન્ક્રીઝિંગ કવર, જેમાં પ્રોટેક્શન અમાઉન્ટ સમય જતા વૃદ્ધિ પામે છે. આ પ્લાન ઈન–બિલ્ટ એક્સેલરેટેડ ટર્મિનલ ઈલનેસ લાભ તેમ જ પ્રોટેક્શનની સીમા વધારવાનો વિકલ્પ પણ આપે છે, જે માટે પસંદ કરેલા રાઈડર/રો માટે વધારાનું પ્રીમિયમ ચૂકવવાનું રહે છે.

## એસબીઆઈ લાઈફ – ઈશીલ્ડ શા માટે?

- તમારા પરિવાર માટે પરવડે એવા ખર્ચમાં સલામતી
- લાઈફ કવર મેળવવા માટે સરળ અને નિરંતર ઑનલાઈન પ્રક્રિયા
- લેવલ કવર અને ઈનક્રીઝિંગ કવરના બે બેનિફિટ સ્ટ્રક્ચર, જે તમારી પસંદગી અનુસાર પ્રોટેક્શન (સુરક્ષા) પૂરા પાડે છે. પ્રીમિયમની રકમ પસંદ કરેલા વિકલ્પ અનુસાર અલગ અલગ રહેશે.
- ઈનબિલ્ટ એક્સેલરેટેડ ટર્મિનલ ઈલનેસ બેનિફિટ બંને સ્ટ્રક્ચર્સ હેઠળ
- જો તમે ધૂમ્રપાન ન કરતા હો તો તમને ઓછા પ્રીમિયમ સાથે સમ્માનિત કરે છે
- નીચે જણાવેલા રાઈડર્સ દ્વારા તમારા કવરેજમાં વધારો કરવાનો વિકલ્પ :
  - એસબીઆઈ લાઈફ – એક્સિડેન્ટલ ડેથ બેનિફિટ રાઈડર (UIN: 111B015V03)
  - એસબીઆઈ લાઈફ – એક્સિડેન્ટલ ટોટલ ઍન્ડ પર્મેનન્ટ ડિસએબિલિટી બેનિફિટ રાઈડર (UIN: 111B016V03)
- મૅડિગાઈડ ઈન્ડિયા દ્વારા મૅડિકલ સેકંડ ઑપિનિયન સેવા મેળવો, જે તમને તમારા નિદાન અને સારવાર યોજના માટે અન્ય ડૉક્ટર પાસેથી બીજો અભિપ્રાય લેવાની તક પૂરી પાડે છે.
- કર લાભો* આવક વેરા ધારો, 1961 હેઠળ પ્રવર્તમાન ધોરણો અનુસાર.

*કર લાભો આવકવેરા કાયદા અનુસાર છે અને વખતોવખત તેમાં થતા ફેરફારને આધીન છે. કૃપા કરી વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો.


**નોંધ : રાઈડર વીમા રકમ મૂળભૂત વીમા રકમ કરતા વધારે ન હોઈ શકે. આ રાઈડર્સ લેવલ ટર્મ એશ્યૉરન્સ અને ઈન્ક્રીઝિંગ ટર્મ એશ્યૉરન્સ બંને પ્લાન વિકલ્પો સાથે ઉપલબ્ધ છે. રાઈડર્સ લેવલ કવર ધરાવશે પછી ભલે તે ઈન્ક્રીઝિંગ ટર્મ એશ્યૉરન્સ સાથે લેવામાં આવ્યા હોય.**

## ઉદાહરણ

મિ. વિજયની ઉંમર 35 વર્ષ છે (ધૂમ્રપાન નથી કરતા), તેઓ હંમેશા ચિંતિત રહે છે કે જો તેને કાંઈ થઈ જાય તો તેનો પરિવાર તેની આર્થિક સ્વતંત્રતા ગુમાવી દેશે કેમ કે તેના પરિવારની તે એક માત્ર કમાઉ વ્યક્તિ છે. તેઓ એસબીઆઈ લાઈફ – ઈશીલ્ડ ખરીદવાનો વિચાર કરે છે.
આવો જોઈએ, એસબીઆઈ લાઈફ – ઈશીલ્ડ તેમને તેમના પરિવારને આર્થિક રીતે સુરક્ષિત રાખવામાં કઈ રીતે મદદરૂપ બને છે.

### ઈનક્રીઝિંગ કવર બેનિફિટ

**પ્રારંભિક વીમા રકમ : 50 લાખ, પૉલિસી મુદત : 30 વર્ષ, વાર્ષિક પ્રીમિયમ : ₹9,350**




પૉલિસીધારો કે 6ઠ્ઠા પૉલિસી વર્ષ@ દરમિયાન તેમનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવા પર ચૂકવવાપાત્ર વીમા રકમ ₹55,00,000 રહેશે.
જો કે, 11મા પૉલિસી વર્ષમાં@ મૃત્યુ થાય તો, ચૂકવવાપાત્ર વીમા રકમ ₹60,00,000 (₹50,00,000 + [2*10%*50,00,000])
*@આ માટે પૉલિસી નિદાન અથવા મૃત્યુની તારીખ, જે પણ લાગુ થાય ત્યારે ઈન ફોર્સ હોય એ જરૂરી છે.*

## પ્લાન પર ઉડતી નજર

| | | |
|---|---|---|
| **લાભ માળખું** | • લેવલ કવર<br>• ઈન્ક્રીઝિંગ કવર | |
| **પ્રવેશ સમયે ઉંમર^** | **ઓછામાં ઓછી :**<br>18 વર્ષ | **વધુમાં વધુ :**<br>**લેવલ કવર :** 65 વર્ષ<br>**ઈનક્રીઝિંગ કવર :** 60 વર્ષ |
| **પાકતી મુદતે ઉંમર^** | લેવલ કવર બેનિફિટ માટે 80 વર્ષ<br>ઈનક્રીઝિંગ કવર બેનિફિટ માટે 75 વર્ષ | |
| **મૂળભૂત વીમા રકમ (₹1,00,000ના ગુણાંકમાં)** | **ઓછામાં ઓછી :** ₹35,00,000 | **વધુમાં વધુ :** કોઈ સીમા નથી<br>(બોર્ડ દ્વારા માન્ય અંડરરાઈટિંગ પૉલિસી આધારે) |
| **પ્રીમિયમ ચૂકવણી પ્રકાર** | વાર્ષિક, અર્ધ–વાર્ષિક, ત્રિમાસિક અને માસિક^^ | |
| **બિન–વાર્ષિક પ્રકારો માટે પ્રીમિયમ** | અર્ધ–વાર્ષિક : વાર્ષિક પ્રીમિયમના 51.00%<br>ત્રિમાસિક : વાર્ષિક પ્રીમિયમના 26.00%<br>માસિક : વાર્ષિક પ્રીમિયમના 8.50% | |
| **પૉલિસી મુદત** | **ઓછામાં ઓછી :**<br>**લેવલ કવર માટે :** 5 વર્ષ<br>**ઈનક્રીઝિંગ કવર માટે :** 10 વર્ષ | **વધુમાં વધુ :**<br>**લેવલ કવર માટે :**<br>80 વર્ષ ઓછા પ્રવેશ સમયની ઉંમર^<br>**ઈનક્રીઝિંગ કવર માટે :**<br>75 વર્ષ ઓછા પ્રવેશ સમયની ઉંમર^ |
| **પ્રીમિયમ ચૂકવણી મુદત** | પૉલિસી મુદત બરાબર | |
| **$$પ્રીમિયમ રકમ** | **ઓછામાં ઓછી :**<br>વાર્ષિક : ₹2,779<br>અર્ધ–વાર્ષિક : ₹1,418<br>ત્રિમાસિક : ₹723<br>માસિક^^ : ₹237 | **વધુમાં વધુ :**<br>કોઈ સીમા નથી<br>(બોર્ડ દ્વારા માન્ય અંડરરાઈટિંગ પૉલિસી આધારે) |

*^ઉંમર સંબંધિત બધા જ સંદર્ભો છેલ્લા જન્મ દિવસ મુજબ ઉંમર માટેના છે.*

*^^માસિક પ્રકાર માટે, 3 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહે છે. રીન્યૂઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર ઇલેક્ટ્રૉનિક ક્લીઅરિંગ સિસ્ટમ (ECS) અથવા સ્ટેન્ડિંગ ઇન્સ્ટ્રક્શન્સ (જેમાં ચૂકવણી બૅન્ક એકાઉન્ટમાંથી ડાયરેક્ટ ડેબિટ કરીને અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવે છે) દ્વારા જ કરી શકાશે. મંથલી સેલેરી સેવિંગ્સ સ્કીમ (SSS) માટે 2 મહિનાનું સુધીની પ્રીમિયમ એડવાન્સમાં ભરવાનું રહેશે અને રીન્યૂઅલ પ્રીમિયમની ચૂકવણી માત્ર સેલેરી કપાત મારફત જ માન્ય છે.*

*$$ઉપર જણાવેલ પ્રીમિયમ લાગુ થતા કરવેરા સિવાયનું છે અને અંડરરાઈટિંગ અલગથી રહેશે. કરવેરા પ્રવર્તમાન કર કાયદા અનુસાર લાગુ રહેશે.*

**વળતર પર પ્રતિબંધ :**

**વખતો વખત સુધારો કરાતી વીમા ધારા 1938ની કલમ 41 :**

(1) કોઈપણ વ્યક્તિએ કોઈપણ વ્યક્તિને જીવન અથવા ભારતમાં મિલકત સંબંધિત કોઈપણ પ્રકારના જોખમો સંદર્ભે વીમો લેવા અથવા રીન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચૂકવવાપાત્ર કમિશનની પૂરેપૂરી અથવા આંશિક રકમનું વળતર અથવા પૉલિસીમાં દર્શાવેલા પ્રીમિયમની કોઈપણ છૂટ પ્રલોભન તરીકે આપવું કે આપવા ન દેવું જોઈએ, ન તો પૉલિસી લેનાર, રીન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર વ્યક્તિએ આવી કોઈપણ છૂટ સ્વીકારવી જોઈએ સિવાય કે વીમો કરનારના પ્રકાશિત કરાતા પ્રોસ્પેક્ટસ અથવા ટેબલો અનુસાર માન્ય છૂટ હોય.

(2) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે ₹10 લાખ સુધી વધી શકે છે.

Toll Free: **1800 103 4294** (Between 8.30 am & 9.30 pm) | SMS - **'Ebuy eS' to 56161** | Visit us at: **www.sbilife.co.in** | E-mail: **online.cell@sbilife.co.in**

Follow us on: /sbilifeinsurance | /sbilifeinsurance | /sbilife

**છેતરામણીભર્યા ફોન કોલ્સ અને કાલ્પનિક/છેતરપીંડીવાળી ઓફરોથી સાવધ રહો :**

IRDAI, ઈન્શ્યૉરન્સ પૉલિસી વેચવી, બોનસ જાહેર કરવા કે પ્રીમિયમનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જેવી ગતિવિધીઓ સાથે સંકળાયેલી નથી. આવા કૉલ્સ મેળવનાર જાહેર જનતાને વિનંતી છે કે તેઓ પોલિસમાં તેની ફરિયાદ કરે.

જોખમી પરિબળો તથા નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે વેચાણનો નિર્ણય કરતા પહેલા કૃપા કરી સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. રાઈડર્સના નિયમો અને શરતો, અપવર્જનો, વિશે વધુ વિગતો માટે કૃપા કરી રાઈડર બ્રોશર વાંચો. ઉપર દર્શાવેલ ટ્રેડ લોગો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો છે અને એસબીઆઈ લાઈફ દ્વારા તે લાઈસન્સ હેઠળ ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વેચાણ પત્રક ગ્રાહકોની સુવિધા માટે અનુવાદ કરાયું છે. જો આમાં કોઈ અજાણતા થયેલો તફાવત, કોઈ શબ્દ/નિવેદન મેળ ન થાય એ કિસ્સામાં અંગ્રેજી સંસ્કરણ જ હરહંમેશ માન્ય ગણાશે. એસબીઆઈ લાઈફ ઈન્શ્યૉરન્સ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કૉર્પોરેટ ઑફિસ : નટરાજ, એમ. વી. રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જંક્શન, અંધેરી (પૂર્વ), મુંબઈ–400 069. **IRDAI રજિ. નં. 111.** CIN : L99999MH2000PLC129113. 1G.ver.02-06-20 SP GUJ